જા.નં. પગારશાખા/જુથ વીમા કપાત-૨૦૨૦/૧૮૮૩૨

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨,એ બ્લોક,
ત્રીજો માળ,અઠવાલાઇન્સ,સુરત.
તા.૨૭/૧૨/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી/આચાર્યાશ્રી,
સુરત શહેર -જિલ્લાની તમામ માધ્યમિક અને ઉ.મા. શાળાઓ.(ગ્રાન્ટેડ).

**વિષય : જૂથ વીમા યોજના કપાત : માહે જાન્યુઆરી – ૨૦૨૦**

જયભારત સહ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે બિનસરકારી મા / ઉ.મા. શાળાઓના કર્મચારીઓની જૂથ વીમા યોજના હેઠળની રકમની કપાત પ્રતિવર્ષની જેમ ચાલુ વર્ષે પણ આ કચેરીના પરપિત્ર નં. એસ/ જૂથવીમા/-૩૪૮ તા. ૧/૧/૦૬ અને વખતોવખતના છેલ્લા સુધારા મુજબના દરે અચૂક કરવાની રહેશે જેથી **જાન્યુઆરી - ૨૦૨૦** ના પગારબીલમાં મળતા પગાર પ્રમાણે જે કેટેગરી આવતી હોય તે કેટેગરીના દર મુજબ જૂથ વીમાની રકમની કપાત કરવાની રહેશે. એનેક્ષર-૩ ત્રણ નકલમાં જરુરી વિગત ભરીને તૈયાર કરી **જાન્યુ - ૨૦૨૦** ના પગારડેટા સાથે રજૂ કરવાના રહેશે. **ડેટા પત્રક ૧૨ માં એમ્પ્લોઇ નંબર સામે D-34 જૂથ વીમો અને રકમ દર્શાવવાની રહેશે. ડેટા પત્રક -૧૨ માં જૂથ વીમા સિવાય અન્ય કોઇ પણ રકમ/વિગત દર્શાવવાની નથી.**

**જાન્યુઆરી - ૨૦૨૦** ના પગારબીલમાં જે કર્મચારીઓ બિનપગારી કે અન્ય રજા ઉપર હોય અને પછી ફરજ ઉપર હાજર થવાના જ હોય તે કર્મચારીઓની જૂથ વીમા કપાતની રકમ ગુલાબી ચલણમાં (**૮૪૪૩ સીવીલ ડીપોઝીટ, બિન સરકારી માધ્યમિક કર્મચારીઓ માટેની જૂથવીમા યોજના – પી.એલ.એ. ટુ ડી.ઇ.ઓ./પી.ડી. એકાઉન્ટ-૦૦૬**) બજેટ સંદર દર્શાવી બેંકમાં જમા કરાવી બેંકના સિક્કાવાળું ચલણ **જાન્યુઆરી-૨૦૨૦** ના પગારડેટા સાથે આ કચેરીની પગારશાખામાં અચૂક રજૂ કરી દેવાનું રહેશે. **આ અંગેની નોંધ પત્રક અ,બ,ક માં નીચે મુજબ લાલ શાહીથી લખવાની રહેશે.આવા ચલણો પાછળથી કોઇપણ સંજોગોમાં કચેરીમાં સ્વીકારવામાં આવશે નહી તેની ખાસ નોંધ લેવી.**

**નોંધ : શ્રી........................................................હોદ્દો.............તા.................થી તા..............સુધી................કારણસર.......................પ્રકારની રજા ઉપર હોવાથી તેમનો પગાર જાન્યુઆરી-૨૦૨૦ ના પગારબીલમાં થનાર ન હોવાથી તેમની જૂથ વીમા કપાતની રકમ ચલનથી જમા કરાવી મૂળ ચલન રજૂ કરવાનું રહેશે.જે કર્મચારીની જૂથ વીમા કપાતની રકમ ચલનથી જમા કરાવેલ હોય તેનું એપેન્ડીક્ષ-૩ અલગથી ૩ નકલમાં ચલનની સાથે જ રજૂ કરવાનું રહેશે.**

નમૂનાપત્રક **અ. બ. ક** ગત વર્ષના નમૂના પ્રમાણેના રહેશે.જે શાળા પાસે આ નમૂના ન હોય તેણે નજીકની શાળામાંથી મેળવી લઇ જરુરી વિગત ભરીને રજૂ કરવાના રહેશે.

તા.૧/૪/૦૫ પછી નિમાયેલા કર્મચારીને જૂથ વીમા યોજના ફરજીયાત લાગુ પડે છે.શિક્ષણ સહાયક/સાથી સહાયક તરીકે પાંચ વર્ષ પૂરા કરી નિયમિત પગારધોરણમાં સમાવેશ થયેલ કર્મચારીઓના નિયુકિત પત્રક **અલગ ફોરવર્ડિંગ સાથે પગારડેટાની સાથે જ ૩ નકલમાં** આપવાના રહેશે.તેની સાથે આ કચેરીના નિયમિત પગાર ધોરણમાં સમાવેશ કરેલ આદેશની ઝેરોક્ષ નકલ અચૂક સામેલ કરવાની રહેશે.

અન્ય શાળા/જિલ્લામાંથી આવેલ કર્મચારી બાબતમાં તેમની જૂથ વીમા યોજનામાં દાખલ થવા પાત્ર વર્ષથી **જાન્યુઆરી -૨૦૧૯** સુધીની કપાત થયેલ છે તે અંગે વર્ષવાર કપાતની રકમ દર્શાવતુ પત્રક અને ડી.ઇ.ઓ.ની સહીવાળુ અસલ નિયુકિત પત્રક સામેલ કરવાનું રહેશે. તા.૧/૪/૮૫ પહેલાની નિમણૂકવાળા આ યોજનામાં ન જોડાયેલ કર્મચારીનો વિકલ્પ જે તે શાળામાંથી મેળવી લઇ તેની નકલ રજૂ કરવાની રહેશે

**જાન્યુઆરી-૨૦૧૯** અને ત્યારબાદ આપની શાળામાં જોડાયેલ કર્મચારીને આ યોજના લાગુ પડે છે કે કેમ? તેની ચકાસણી કરી જૂથ વીમા કપાત કરવી.કોઇ પણ સંજોગોમાં પુરવણી બીલથી કપાત કરવાની નથી.

દરેક શાળાએ એપેન્ડીક્ષ-૩ નિયત નમૂનામાં વ્યવસ્થિત રીતે પૂરેપુરી વિગત ભરીને જ રજૂ કરવા.જે કેટેગરીમાં કપાત ન હોય ત્યાં **"શૂન્ય"** લખવુ અને કેટેગરી-ડી વિભાગ પૂરો થાય ત્યાં નીચે મુજબ સમરી

... ૨ ...



Scanned by CamScanner

લખવી અને આચાર્યના સહી/સિક્કા કરવાના રહેશે. એપેન્ડીક્ષ-૩ ના દરેક પેજ ઉપર શાળાના **કોમ્પ્યુટર નંબરનો રબર સ્ટેમ્પ બિનચૂક લગાવવાનો રહેશે.** ચાલુ વર્ષે નીચે જણાવેલ દરે કપાત કરવાની રહેશે.

| કેટેગરી | પગારધોરણ (પે લેવલ) **LEVEL** | કપાતનો દર રૂ.પૈ. x 3.60 રૂ.પૈ.+ ૧૮ % જી.એસ. ટી. | કર્મચારી સંખ્યા | કુલ કપાત |
|---|---|---|---|---|
| 1 | 4440-7440 {IS-1} {IS-2} {IS-3} | 36 +7 = 43 | | |
| 2 | 5200-20200 {1} ,{2}, {3},{4},{5} | 54 +10 = 64 | | |
| 3 | 9300-34800 {5} {6} | 72 + 13 = 85 | | |
| 4 | 9300-34800 {7},{8},{9 @} | 90 + 17 = 107 | | |

એડહોક ધારણે ફીકસ પગારમાં નિમાયેલ કર્મચારીઓનો જૂથ વીમા યોજનામાં સમાવેશ થતો ન હોવાથી તેમની જૂથ વીમા કપાત કરવાની નથી.

શાળાઓએ **જાન્યુઆરી પેઇડ ઇન ફેબ્રુ-૨૦૨૦** ના પગારડેટા સાથે જૂથ વીમા યોજના હેઠળની કપાતની વિગત જરુરી માહિતી પત્રકો અને આધારો સહિત રૂબરૂ રજૂ કરવાના રહેશે.કોઇ પણ સંજોગોમાં ટપાલથી કે વર્ગ-૪ ના કર્મચારી અથવા અન્ય શાળાના કર્મચારી સાથે પગારડેટા કે માહિતી પત્રકો અને આધારો મોકલવાના નથી.

જે તે શાળાઓએ તેમને આપેલ તારીખે જ પગારડેટા,જૂથ વીમા અંગેની માહિતી પરિપત્ર મુજબના ડેટા-માહિતી-આધાર રજૂ કરવાના રહેશે.આપેલ તારીખે હાજર રહી માહિતી રજૂ નહિ કરનાર શાળાની માહિતી-પગારડેટા અધવચ્ચેની તારીખે સ્વીકારવામાં આવશે નહી તેની ખાસ નોંધ લેશો.

**જુથ વીમાની કપાતનાં એપેન્ડીક્ષ સાથે નીચેનાં નમૂનામાં અંગ્રેજીમાં માહિતી એલ.આઇ..સી, સુરતને આપવાની હોવાથી અચૂક લાવવાની રહેશે.આ માહિતી વિના અન્ય ડેટા કે માહિતી સ્વીકારવામાં આવશે નહી.**

**કેટેગરી(A),(B),(C),(D) ના બદલે 1,2,3,4 દર્શાવવું.**

શાળાનું નામ:-

| એમ્પલોઇ નંબર | નામ /હોદ્દો | કેટેગરી | જન્મ તારીખ | નિમણુંક તારીખ |
|---|---|---|---|---|
| | | 1 ( A ) | | |
| | | 2 ( B ) | | |
| | | 3 ( C ) | | |
| | | 4 ( D ) | | |

**આચાર્યના સહિ/સિકકા**

| માહે જાન્યુઆરી-૨૦૨૦ નાં ડેટા પત્રક રજુ કરવાની તારીખ | |
|---|---|
| તારીખ | શાળા નંબર |
| ૨/૧/૨૦૨૦ | ૧ થી ૧૦૦ |
| 3/૧/૨૦૨૦ | ૧૦૧ થી ૩૦૧ |

હિસાબી અધિકારી(વર્ગ-૨)
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
સુરત જિલ્લો,સુરત.

નકલ રવાના :- -અધ્યક્ષશ્રી,સંકલન સમિતિ,જિલ્લો સુરત.
-સુરત જિલ્લાનાં તમામ ઘટક સંઘો (ગ્રાન્ટેડ)



Scanned by CamScanner